**<u>ક્રો.પ.અ.નં.૬૦૧૩/૨૦૨૫</u>**
**<u>રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૫૨૫૦૪૬૨/૨૦૨૫, પ્રોહી. એકટની કલમ – ૬૫ એઈ,૧૧૬ બી, ૯૮(૨),૮૧ મુજબના ગુન્હાના કામના આરોપી નં.(૧) ધર્મેન્દ્રભાઈ ગોપાલભાઈ ઠાકોર, રહે. ઠાકોરવાસ, નવા ઘરા અમદાવાદી દરવાજા બહાર, પટેલ સોસાયટી એરીયા, નડીયાદ, જી. ખેડા. નં.(૨) મોહનભાઈ હરજાજી ભીલ, રહે. ભીલવાસ નવા ઘરા અમદાવાદી દરવાજાની બહાર પટેલ સોસાયટી એરીયા, નડીયાદ, જી.ખેડાવાળાઓની જામીન અરજી નીચે હુકમ :–</u>**

(૧) જામીન અરજી વંચાણે લીધી. આરોપીઓ તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, આરોપીઓ નિર્દોષ છે, સદરહુ ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. આરોપીઓએ કોઈપણ જાતનો ભાગ ભજવેલ નથી કે કહેવાતો ગુન્હો કરેલ નથી. અરજદારો ગરીબ માણસ છે, કુટુંબકબીલાવાળી વ્યકિત છે. કુટુંબની જવાબદારી તેમના શીરે, તેઓએ કહેવાતા બનાવમાં કોઈ જગ્યાએ કોઈપણ જાતનો ભાગ ભજવેલ નથી, તહોમતદારોની આવક ઉપર ઘરનો આર્થિક વ્યવહાર ચાલે છે. નામ.કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છીએ. જેઈલ એ અપવાદ છે બેઈલ જરૂરી છે. જેથી અરજદારની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

વિ.એ.પી.પી.શ્રીએ હાલની જામીન અરજી લગત વાંધો દર્શાવી, અરજીમાં શેરો કરી જણાવેલ છે કે, ''આ કામના આરોપીઓ પોતાના કબજા ભોગવટા અને હવાલાવાળા આઈસર ટ્રક નં. જીજે–૦૩બીવાય–૯૫૫૨ માં ડ્રાઈવર તેમજ કંડકટર તરીકે કામ કરતા રહેલ હોય અને તે આઈસર ટ્રકમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ–૬૦૦૦ કિંમત રૂ.૧૮,૭૨,૦૦૦/– સાથે પકડાઈ ગયેલ હોય આ કામના અરજદાર આરોપીઓનો રોલ ગુનાના કામે હોય તેમજ કોન્સીયસ પજેશન સાથે પકડાઈ ગયેલા હોય જેથી તે ગુનાની કલમ જોતાં તમેજ સજાની ૧૦ વર્ષની જોગવાઈ ધ્યાને લઈ જામીન અરજી રદ કરવા વિનંતી છે .''

(૩) ઉપરોકત બન્ને પક્ષની દલીલ અને કાયદાની જોગવાઈ જોતાં આ કામના આરોપીઓએ કોઈ પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબજા ભોગવટા અને હવાલાવાળા આઈસર ટ્રક નં.જીજે–૦૩ બીવાય–૯૫૫૨ માં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ–૬૦૦૦,રૂ.૧૮,૭૨,૦૦૦/–

ના મુદ્દામાલ સાથે મળી આવી એકબીજાની મદદગારી કરી ગુનો આચરી, મુદ્દામાલ સાથે મળી આવેલ હોવા અંગેનો પ્રોહી. એકટની કલમ ૬૫ ઈ, ૧૧૬ બી, ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાનો પ્રથમદર્શનીય આક્ષેપ છે. આરોપી પાસેથી મોટી માત્રામાં દારૂનો જથ્થો કબજે કરવામાં આવેલ છે. જો આરોપીને સહેલાઇથી જામીન મુકત કરવામાં આવશે તો સમાજમાં ફરીથી આવા પ્રકારની ગુન્હાહિત પ્રવૃતિ આચરશે અને સમાજ પર તેની અવળી અસર પડશે. સદર કેસમાં આરોપીહો સામેના ગુનાની ગંભીરતા જોતાં તેઓને જામીન મુકત કરવા મારી વિવેકાધીન સત્તા વાપરવી અત્રે ન્યાયોચિત જણાતું ન હોય તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપી નં.નં.(૧) ધર્મેન્દ્રભાઈ ગોપાલભાઈ ઠાકોર, રહે. ઠાકોરવાસ, નવા ઘરા અમદાવાદી દરવાજા બહાર, પટેલ સોસાયટી એરીયા,નડીયાદ,જી.ખેડા., નં.(૨) મોહનભાઈ હરજાજી ભીલ, રહે.ભીલવાસ નવા ઘરા અમદાવાદી દરવાજાની બહાર પટેલ સોસાયટી એરીયા, નડીયાદ, જી. ખેડાવાળાઓની જામીનઅરજી નામંજુર(રદ)કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૨૩ મી, માહે–ડીસેમ્બર, સને ૨૦૨૫ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તા.૨૩/૧૨/૨૦૨૫

ઈ/ચા. ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ
કોડ નં.GJ00926